| | | | |
|---|---|---|---|
| દાખલ તા. | ૧૧–૦૩–૨૦૨૬ | | |
| નોંધ્યા તાઃ | ૧૧–૦૩–૨૦૨૬ | | |
| ફેંસલ તાઃ | ૧૪–૦૩–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૩ |

# ધોરાજીના મહે. એડીશ્નલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક સાહેબની કોર્ટ, મું. ધોરાજી.

**ફોજદારી કેસ નંબરઃ ૩૮૩/૨૦૨૬**
**આંકઃ ૦૫**

ફરીયાદીઃ– **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

આરોપીઃ– **ઇમ્તીઝભાઇ જમાલભાઇ ચોપડા,**
**રહે.રંગાલી મહોલ્લા ખત્રીપા, ધોરાજી.**

---

ફરીયાદી પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી
આરોપી પક્ષ તર્ફે વિ.વ.શ્રી એચ. પી. માલવી.

---

**ગુન્હોઃ– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબ.**

1. આ કામના આરોપી/ઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબનો ગુન્હો ધોરાજી સીટી પોલીસ મથકે ગુ. ર. નં. ૧૧૨૧૩૦૧૦૨૬૦૦૯૦/૨૦૨૬ થી નોંધાયેલ છે અને તપાસના અંતે તપાસ અધિકારીએ સદરહૂ ગુન્હાનુ નામદાર એડી. ચીફ જયુ. મેજી. સાહેબની અદાલતમાં સદરહુ ગુન્હાનુ ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઇ અત્રેની અદાલતમાં ઇન્સાફી કાર્યવાહી માટે ટ્રાન્સફર થઇને આવેલ છે.

2. આ કામે આરોપી હાજર થતાં તેઓ જણાવે છે કે તેઓ આ ગુન્હો કબુલ કરવા માંગે છે. તેઓએ તેમની રાજીખુશી અને મુકતસંમતિથી આંક – ૦૩ થી કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. આરોપીનુ આંક –૦૪ થી નિવેદન લેતાં ગુન્હા કબુલાતની પુરસીશને વળગી રહે છે. આરોપીની સ્વૈચ્છીક ગુન્હા કબુલાત ધ્યાને લઇ ઉપરોકત ગુન્હા અંગે તકસીરવાર ઠરાવુ છું.

3. આરોપીને સજા અંગે સાંભળ્યા. આરોપીની કબુલાતની પુરસીશ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લીધા. વધુમાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમવારનો ગુન્હો છે જે શરતચુક થી થયેલ છે, ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઇ ગુન્હો કરશે નહી. તે કુટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. આરોપી ઉપર તેના કુટુંબના સંચાલનનો મહત્વનો

આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરિવારે પણ પેસીવ પનીસમેન્ટ ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુન્હો નહી કરે તેવી બાહેંધરી કોર્ટ રૂબરૂ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખી નામદાર ગુજરાત વડી અદાલતના **'રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર'** (૨૦૦૫(૧)ગુ.લો.રીપોર્ટર પાનુ ૭૦૯) નો ચુકાદો તેમજ આરોપીની ગુન્હા કબુલાતની પુરસીશ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લેતા આરોપીને કાયદાનુસારની ન્યુનતમ કે મહત્તમ સજા ના કરવાથી પણ ન્યાયનુ હીત જળવાઇ રહેશે તેમ જણાતુ હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**~~~ હુ ક મ ~~~**

- આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસ્સો પુરા) દંડ, દંડની રકમ ન ભરે તો આરોપીને દિન–૦૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આજ રોજ તારીખ–૧૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ઠરાવ ખુલ્લી અદાલતમાં સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

સ્થળઃ–ધોરાજી.
તા.૧૪/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ–જીજે૦૧૨૫૮)